મેઘરજ પોલીસે કારમાંથી ૪૬૮ વિદેશી દારૂની બોટલ જપ્ત કરી, રાજસ્થાની બે બુટલેગરોને જેલ હવાલે ધકેલ્યા

મેઘરજ પોલીસ વિદેશી દારૂનિહ હેરાફેરી અને વેપલાને અટકાવવા સતત દોડાદોડી કરી રહી છે રાજસ્થાની બે બુટલેગરોની કારમાં વિદેશી દારૂની ખેપ નિષ્ફળ બનાવી ૭૬ હજારથી વધુનો શરાબનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મેઘરજ પોલીસની શપ્ત કાર્યવાહીથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. મેઘરજ પીએસઆઈ શિલ્પા પરમાર અને તેમની ટીમે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ હાથધરતાં હોંડા સીટી કારમાં વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી મળતા પોલીસે રામગઢી પુલ નજીક નાકાબંધી કરી વાહન ચેકીંગ હાથધરી બાતમી આધારિત કાર આવતા અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂ અને બિયર ટીન નંગ-૪૬૮ રૂ.૭૬ હજારથી વધુનો જથ્થો જપ્ત કરી, મોબાઈલ, કાર મળી રૂ.૨.૩૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાર ચાલક પ્રવીણ રમણ ડીંડોર અને બંસીલાલ ભીમજી ડીંડોર (બંને રહે,રાજસ્થાન) સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પાલનપુરના પારપડામાં તસ્કરોએ ચોકલેટ અને ડ્રાયફ્રૂટની જયાફત માણી પછી ચોરી કરી

પાલનપુર તાલુકાના પારપડામાં રહેતો પરિવાર તેમની દીકરીની સારવાર માટે વતનમાં ગયો હતો. જે દરમિયાન ત્રાટકેલા તસ્કરોએ ફ્રીજમાં પડેલી ચોકલેટ અને ડ્રાયફ્રૂટની જયાફત માણ્યા પછી રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૧.૮૭ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર પારપડા ભવ્ય રેસીડન્સીમાં રહેતા હરેશસિંહ સુરાજી ઝાલાની દીકરી ફેરીલબા બિમાર હોવાથી પાલનપુર બાળકોની હોસ્પિટલમાં સારવાર કરાવી પત્નિ આશાબા સહિત પરિવારજનો વતન વડગામ તાલુકાના કોટડી ગામે ગયા હતા. જે દરમિયાન અજાણ્યા શખ્સોએ તેમના મકાનના દરવાજાનું તાળુ તોડી ઈન્ટર લોક તોડી અંદર પ્રવેશ કર્યો હતો. જ્યાં ફ્રીજમાં પડેલી ચોકલેટ તેમજ ડાયફુટ ખાઈ વેરણ - છેરણ નાંખી દીધી હતી. તેમજ પર્સમાં પડેલા રૂપિયા ૫૦૦૦, બેડરૂમની તિજોરીમાંથી રૂપિયા ૧૨,૦૦૦ની સોનાની વિંટી, રુપિયા ૫૦,૦૦૦ રોકડા, રૂપિયા ૧,૨૦,૦૦૦નો હિરાનો કાચો માલ ૨૫ કેરેટ મળી કુલ રૂપિયા ૧,૮૭,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. વતનથી ઘરે આવ્યા ત્યારે ચોરી થઈ હોવાની જાણ થતાં હરેશસિંહે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે અજાણ્યા શખ્સો સામે ગૂનો નોંધી શોધખોળ હાથ ધરી હતી.

પાલનપુરની પોસ્ટ ઓફિસમાં રાષ્ટ્રધ્વજનું ૨૫ રૂપિયામાં વેચાણ

હર ઘર તિરંગા અંતર્ગત પાલનપુરની પોસ્ટ ઓફિસમાં રાષ્ટ્રધ્વજનું ૨૫ રૂપિયામાં વેચાણ કરવામાં આવશે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરની પોસ્ટ ઓફિસમાં સેલ્ફીઝોન પણ બનાવાયો છે. જ્યાં ગ્રાહક રાષ્ટ્ર ધ્વજ ખરીદી સેલ્ફી લઇ શકશે. પોસ્ટ ઓફિસના સૂત્રોએ જણાવ્યું હતું કે અત્યારે ભારત સરકારે ૭૫મા સ્વતંત્રતા દિવસ પર ઘરે રાષ્ટ્રધ્વજ ફરકાવવાની પહેલ શરૂ કરી છે. દેશવાસીઓના હૃદયમાં દેશભક્તિની લાગણી જગાવવાના ઉદ્દેશ્ય સાથે હર ઘર તિરંગા અભિયાનના ભાગ રૂપે નાગરિકો ૧૩ ઓગસ્ટ ૨૦૨૨ થી ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ સુધી ધ્વજ ફરકાવશે. ભારતીય રાષ્ટ્રધ્વજ 'તિરંગા'માં કેસરી ટોચ પર છે, તેની નીચે સફેદ અને નીચે લીલો છે. ત્રિરંગાની પહોળાઈ અને લંબાઈ ૨:૩ ના ગુણોત્તરમાં છે. ત્રિરંગાની મધ્યમાં, સફેદ રંગની ટોચ પર વાદળી અશોક ચક્ર છે.

જિલ્લામાં ૨ લાખથી વધુ રેશનકાર્ડ ધારકોને સાતમ-આઠમના તહેવારો ઉપર વધારાનો ખાંડ, તેલનો જથ્થો અપાશે

પ્રથમવાર કપાસિયા તેલના બદલે ૧ કીલો સીંગતેલ આપવાનો નિર્ણય

સાતમ-આઠમના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકોને વધારાનો ખાંડ અને તેલનો જથ્થો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૨ લાખથી પણ વધુ રેશનકાર્ડ ધારકોને આગામી તહેવારોમાં ૧ કીલો ખાંડ તેમજ ૧ લીટર તેલ વધારાનું ફાળવવામાં આવશે. આ વખતે પ્રથમવાર સરકારે કપાસિયા તેલના બદલે રેશનકાર્ડ ધારકોને રુ ૧૦૦ના ભાવે ૧ લીટર સીંગતેલ આપવાનો નિર્ણય કર્યો છે. દર વર્ષે સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકોને તહેવારોની ઉજવણી નિમિત્તે વધારાની રેશનીંગનો જથ્થો ફાળવવામાં આવતો હોય છે. જિલ્લામાં સાતમ-આઠમના તહેવારો નજીક આવી રહ્યા હોવાથી હવે રાજ્ય સરકારની સૂચનાને આધિન પુરવઠા તંત્ર દ્વારા ૨ લાખથી પણ વધુ કાર્ડધારકોને તહેવાર નિમિત્તનો વધારાનો જથ્થો ફાળવવા માટેની તૈયારીઓ થઈ છે. સરકાર દ્વારા બી.પી.એલ. અને અંત્યોદય કાર્ડધારકોને ૧ કીલો ખાંડ વધારાની કાર્ડદીઠ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેમાં બી.પી.એલ. કાર્ડધારકોને રુ ૨૨ ના ભાવે તેમજ અંત્યોદય કાર્ડધારકોને રુ ૧પના ભાવે ૧ કીલો ખાંડ આપવામાં આવશે. જ્યારે તહેવારો સમયે હંમેશાં એન.એફ.એસ. કાર્ડધારકોને કપાસિયા તેલનો જથ્થો આપવામાં આવતો હતો પરંતુ આ વખતે પ્રથમવાર સરકારે તમામ કાર્ડધારકોને રુ ૧૦૦ના ભાવે ૧ લીટર સીંગતેલ આપવાનો નિર્ણય કર્યો છે. તહેવારો હવે નજીક આવી રહ્યા હોવાથી પુરવઠા વિભાગ દ્વારા બંન્ને । જિલ્લામાં જરુરીયાત મુજબનો ખાંડ અને તેલનો જથ્થો રાજ્યના પુરવઠા વિભાગમાંથી મંગાવવા માટેની તૈયારીઓ કરવામાં આવી છે.

બાયડ નગરપાલિકાનું ધમાસાણ, કારોબારી અધ્યક્ષની લોકહિતની રજૂઆતોને યોગ્ય ગણાવતી પ્રજા

પ્રમુખે ગેરબંધારણીય બેઠકમાં હાજરી આપી વિરોધ કરાવ્યો, પ્રમુખની મનમાની સામે તમામ પદાધિકારીઓમાં અસંતોષ

બંધ કેમેરા ચાલુ કરાવવા શું ગુનો છે..??, ખોટી હાજરી પુરાતી હોવા છતાં કેમ આંખ આડા કાન, ઠરાવોનો અમલ કેમ થતો નથી..?? જેવા અણીયાળા સવાલ

ગાંધીનગર, તા.૦૪ અરવલ્લી જિલ્લામાં ભાજપ શાસિત બાયડ નગરપાલિકાનું ધમાસાણ સમગ્ર રાજ્યમાં ચર્ચાના છોગાને છે. બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલે છેલ્લા ૧૬ મહિના સુધી શિસ્તમાં રહ્યા પછી લોકોના પ્રશ્નોને ગળે ટૂંપો દીધા જેવો ઘાટ થતો હોવાથી અવાજ ઉઠાવ્યો અને લોકહિતની રજૂઆતો કારોબારી બેઠકમાં રજૂ કરી પરંતુ પ્રમુખના ખાસ ૪ સભ્યોએ પ્રમુખની ગેરબંધારણીય હાજરીમાં આંગળી ઉંચી કરીને વિરોધ કરાવતાં જનરલ સભામાં તેના પ્રત્યાઘાત હોવાનું ભાજપના કાર્યકરો માની રહ્યા છે. પ્રમુખની મનમાની સામે લાંબા સમયથી કારોબારી અધ્યક્ષ, ઉપપ્રમુખ અને પક્ષના નેતાને પણ અસંતોષ હોવાનું જગજાહેર છે. વિકાસલક્ષી કામોમાં ત્રણેય મુખ્ય પદાધિકારીઓને પ્રમુખ દ્વારા સાઈડલાઈન કરી દેવાયા હતા અને આ અંગેની જિલ્લા સંગઠનને ફરિયાદ પછી પણ કોઈ ઉકેલ ન આવતાં ૧ મહિનામાં ભડકો થયાનું જાણવા મળ્યું છે. બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ દ્વારા લાંબા સમયથી બાયડ નગરપાલિકામાં બંધ કેમેરા ચાલુ થાય તો પાલિકામાં અરજદારોને યોગ્ય જવાબો મળે છે કે કેમ..?? યોગ્ય રીતે કામગીરી થાય છે કે કેમ..?? તેની હિલચાલ ઉપરાંત બાયડમાં લૂંટ, તસ્કરી, છેડતી સહિતના કોઈ ગંભીર ગુના બને તો ઉકેલ આસાનીથી મળી શકે. ઉપરાંત સફાઈ કામદારોની ખોટી હાજરી પુરાતી હોવાના આરોપ લાગેલા હતા જેથી થમ્બ મશીનથી હાજરી પૂરવી અને બાયડ નગરપાલિકામાં ભાજપનું શાસન આવ્યા પછી થયેલા ઠરાવોનો અમલ થતો ન હોવાનું મુખ્ય કારણ હતું. કારોબારી અધ્યક્ષની સાચી રજૂઆતોને પ્રમુખ દ્વારા મનમાની કરીને ગળે ટૂંપો દેવાનો પ્રયાસ થયાનું પણ હવે લોકો સમજતા થયા છે અને બાયડના પ્રબુધ નાગરિકો અને મોટાભાગનો જનસમુદાય કારોબારી અધ્યક્ષની લોકહિતની રજૂઆતોને ડંકાની ચોટ ઉપર યોગ્ય ઠેરવી રહ્યા છે.

ગત વર્ષેબાયડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાઈ તે સમયે ભાજપ દ્વારા સત્તામાં આવશે તો ઉભરાતી ગટરો, ગંદકી, પ્રજાની આરોગ્ય સુખાકારી માટેના તમામ પગલાં ભરવાના વાયદા કર્યા હતા. ભાજપ ૨૪માંથી ૧૭ બેઠક મેળવી અકલ્પનિય વિજય સાથે સત્તામાં આવ્યું અને પ્રમુખ તરીકે સ્નેહલભાઈ જે. પટેલની સર્વાનુમતે પસંદગી થયા પછી છેલ્લા ૧૬ મહિનાનો વહીવટ પ્રજા સમક્ષ છે. બાયડમાં ટ્રાફીકની વિકરાળ સમસ્યા, લાંબા સમયથી બંધ કેમેરા, બાયડમાં સોસાયટી વિસ્તારોમાંથી કચરો લેવા માટે ફરતા જર્જરીત વાહનો, સડી ગયેલાં કન્ટેનર વગેરે નવાં ખરીદવાંના તબક્કાવાર ઠરાવો થયા હતા પરંતુ પ્રમુખ દ્વારા તેનો કોઈ અમલ કરાવવામાં આવતો ન હતો અને આ અંગે કારોબારી અધ્યક્ષ દ્વારા રજૂઆત કરવામાં આવે તો આંખ આડા કાન થતા હતા. જ્યારે કારોબારી બેઠક દર મહિને નિયમિત યોજવાની હોય છે પરંતુ પ્રમુખ દ્વારા મનમાની કરીને બેઠકો યોજવા દેવામાં આવતી ન હતી અને એક હથ્થું શાસનમાં બાયડમાં પ્રજાલક્ષી અનેક કામો સાઈડલાઈન થઈ ગયા હતા. ગત તા.૨૭ જૂનની કારોબારીમાં પ્રમુખ સ્થાનેથી પ્રવિણ પટેલ દ્વારા આ મુદ્દા ઉઠાવાતાં પ્રમુખે ગેરબંધારણીય રીતે બેઠકમાં હાજર રહી તેમના સભ્યો પાસે મતદાન કરાવ્યું હતું. બસ ત્યારથી જ ભાજપમાં ભડકાની સ્થિતિ સામે આવી હતી અને તે જનરલ સભામાં પ્રમુખ સામેનો જગજાહેર આકોશ જોવા મળ્યો. આવનારા દિવસોમાં શાસક પક્ષ યોગ્ય પ્રજાલક્ષી નિર્ણય નહીં લે તો ખુદ પ્રજા માર્ગો ઉપર આવી જાય તે દિવસો દૂર નથી.

બાયડ નગરપાલિકા કારોબારીમાં અધ્યક્ષના આ મુદ્દા ખોટા છે..?? તો પ્રમુખ દ્વારા વિરોધ કેમ..??

૧. બાયડ પાલિકામાં કરવામાં આવેલા તમામ ઠરાવોનું અમલીકરણ કરવું.
૨. બાયડ પાલિકામાં લાંબા સમયથી બંધ સી.સી.ટીવી કેમેરા ચાલુ કરવા.
૩. બાયડ પાલિકામાં સફાઈ કર્મચારીઓની ખોટી હાજરી ઉપરાંત અન્ય કર્મચારી ફરજ બજાવતા હોવાની ફરિયાદ છે જેથી તે અંગે યોગ્ય મોનિટરીંગ કરવું તેમજ તમામ કર્મચારીઓનો ફેઈસ વિથ થમ્બ મશીનથી હાજરી પૂરવી.
૪. બાયડ પાલિકાના કોર્ટ કેસની ફાઈલની વિગતો જાહેર કરવી.
૫. બાયડમાં રોડના કામ અધૂરા છોડ્યા છે તેવા કોન્ટ્રાક્ટરો સામે કરેલ કાર્યવાહીનો રિપોર્ટ જાહેર કરવો.
૬. વારંવાર રીમાઈન્ડર છતાં કામ ન કરતા કોન્ટ્રાક્ટરોને બ્લેક લીસ્ટ કરવા.
૭. તાજેતરમાં કન્સલ્ટન્ટની થયેલી ભરતીમાં ગેરરીતીની મળેલી ફરિયાદ અંગે તપાસ કરવી.
૮. પાલિકા કર્મચારી કમરઅલી સૈયદના છઠ્ઠા-સાતમા પગારપંચની દરખાસ્તનું રીમાઈન્ડર કરવું.
૯. પાલિકા આર્થિક ભારણમાં છે ત્યારે ૮૫ જેટલો સ્ટાફનું ભારણ અસહ્ય છે આ સંજોગોમાં ૨૦ ટકા સ્ટાફને છૂટો કરવા બાબતે વિચારણા કરવા બાબત.

અરવલ્લી : ભિલોડા વનવિભાગની વિસ્તરણ કચેરીએ કામોમાં ભ્રષ્ટાચાર આચર્યો હોવાની રાવ, વિજિલન્સ તપાસની માંગ

મોડાસા, તા. ૪ અરવલ્લી વન વિભાગ તંત્ર પાછળ સરકાર કરોડો રૂપિયા પગાર પેટે એંધાણ કરી રહી છે અને વૃક્ષો વાવવા અને વનસંપદાનું જતન કરવા વર્ષે દહાડે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી રહી છે ત્યારે ભિલોડા વિસ્તરણ કચેરી દ્વારા સરકારી ગ્રાંટમાંથી ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની બૂમો ઉઠતી રહી છે માંકરોડા નર્સરીમાં વેરવિખેર પડેલા રોપાઓ અને પોષણક્ષમ ખાતરની થેલીઓમાં ખાતર વરસાદી પાણીમાં બગડી ગયું હોવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા વનવિભાગની કામગીરી સામે લોકોમાં ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અરવલ્લી જીલ્લામાં વનવિભાગ તંત્રએ ૮ લાખથી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે જેમાં ભિલોડા વિસ્તરણ કચેરી દ્વારા ૨ લાખથી વધુ રોપા વાવવામાં આવ્યા છે ત્યારે આ રોપાની વાવણી કરવામાં અને મજૂરી કામમાં ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો હોવાની બૂમો ઉઠી છે રોપાનો વિકાસ થાય તે માટે આપવામાં આવેલ ખાતર પણ યોગ્ય માવજતના અભાવે વરસાદી પાણીમાં પલળી જતા બગડી ગયું છે. ભિલોડા વિસ્તરણ વિભાગની કામગીરી અંગે જીલ્લા ફોરેસ્ટ અધિકારી અને વિજિલન્સની ટીમ દ્વારા તપાસ કરવામાં આવેની લોકમાંગ પ્રબળ બની છે

ગુજરાતમાં બનેલા લઠ્ઠા કાંડ બાદ બનાસકાંઠાની સરહદે ધાનેરા પોલીસે અંગ્રેજી શરાબનો મોટો જથ્થો ઝડપી લીધો

ધાનેરા તા. ૪ ગુજરાત રાજ્યમાં અમદાવાદ નજીક આવેલા બોટાદ વિસ્તારમાં બનેલા લઠ્ઠાકાંડ બાદ ગુજરાત પોલીસ દારૂની બધી પ્રત્યે લાલ આંખ કરવા મજબૂર બની છે. દેશી અને ભારતીય બનાવટના અંગ્રેજી દારૂ ના કરોડો રૂપિયાના હપ્તાના ભાર નીચે દબાયેલી ગુજરાત પોલીસ અને નશાબંધી ખાતુ આળસ ખંખેરીને સક્રિય બની છે.

ત્યારે રાજસ્થાનની સરહદ નજીક આવેલા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા નજીકથી ધાનેરા પોલીસે નેનાવા ચેકપોસ્ટ પરથી શાકભાજીના કેરેટ નીચે સંતાડીને લઈ જવા તો લાખો રૂપિયાનો દારૂ ભરેલા પીકપ સાથે એક ઈસમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે,

ધાનેરા તાલુકો એ રાજસ્થાનને અડીને આવેલો તાલુકો છે અને રાજસ્થાનથી મોટી માત્રામાં ગુજરાતમાં દારૂ ઘુસાડવાનું નેટવર્ક ચાલી રહ્યું છે.

ત્યારે પોલીસ પણ આવા નેટવર્કને પકડવા માટે પાછી પાની કરતી નથી બુટલેગરો અવનવો કિમીઓ અપનાવી ગુજરાતમાં દારૂ ઘુસાડી રહ્યા છે. ત્યારે પોલીસ બુટલેગરના ગમે તેવા કિમિયાને દબાવી બુટલેગર સુધી પહોંચી જાય છે.

અને ગુજરાતમાં આવતો દારૂ અટકાવવા પોલીસ સક્રિય બની છે ત્યારે આજે ધાનેરા પોલીસ ઈન્સ્પેક્ટર ડીવી ડોડીયા તેમના સ્ટાફ સાથે ગુજરાત રાજસ્થાન સરહદ પર આવેલી નેનાવા ચેક પોસ્ટ પર વાહન ચેકિંગમાં હતા .તે સમય રાજસ્થાન તરફથી એક પીકપ ડાલું આવી રહ્યું હતું અને તેમાં શાકભાજીના કેરેટ ભરેલા હતા . પોલીસને શંકા જતા પોલીસે આ ગાડીની તલાસી લેતા શાકભાજીના કેરેટ નીચે સંતાડેલો લાખો રૂપિયાનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ૭.૫૦ લાખ કરતા વધુના મુદ્દા માલ સાથે એક ઈસમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અત્યારે તો સમગ્ર બાબતને લઈ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પરંતુ આ દારૂ ક્યાંથી આવતો હતો અને ક્યાં લઈ જવા તો હતો તે તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

"રાજ્ય સરકારોના બાકી વીજબિલ જાણ્યા પછી જનતાને જરૂર કરંટ લાગશે

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૪

હમણાં હમણાંજ મોદી સાહેબે જે તે રાજ્યોની સરકારને જણાવ્યું કે વીજ ઉત્પાદક કંપનીઓને તેમજ કોયલા સપ્લાય કરતી કમ્પનીઓને રાજ્ય સરકારો બાકી ચુકવણું પૂરું કરે અન્યથા વિજકાપ માટે તૈયાર રહે!! એકબાજુ રાજ્ય સરકારો વીજ ઉત્પાદક કંપનીઓને હજારો કરોડોનું બિલ ચૂકવી શકતી નથી ત્યારે બીજી બાજુ વીજ બિલ માફ કરવાની જાહેરાત કરે છે!! આજે ભારતના મોટા ભાગના રાજ્યો વીજ ઉત્પાદન કરતી કમ્પનીઓના હજારો કરોડ રૂપિયા ચૂકવી શકતી નથી ત્યારે મફત વીજળી આપવાની જાહેરાત કરનાર સરકારના વહીવટ ઉપર પ્રજા શંકા કરી રહી છે... જે તે રાજકીય પક્ષને એવું લાગે છે કે આપણે વીજળી, પાણી, શિક્ષણ મફત આપીશું તો દેશની જનતા ખુશ થશે... પરંતુ એવું નથી અને મફતનું આપવા છતાંય જનતાના મનમાં પ્રશ્ન તો છે જ કે સરકાર આ હજારો કરોડો રૂપિયા ક્યાંથી ચૂકવસે?? સરકાર તો માત્ર એક વહીવટ કરનાર સંસ્થા છે અને એક હાથે પૈસા લે છે અને બીજે હાથે સેવા આપે છે!!

કેજરીવાલ નામના એક નેતા આ યુગમાં જન્મ લે છે અને ભારત નામના રાષ્ટ્રમાં એક નવો ચીલો પાડે છે.... વીજળી તો મફત.... પાણી તો મફત... શિક્ષણ તો મફત.... મેડિકલ સેવા તો મફત.... અરે ભાઈ બધું મફત આપો છો તો એક કામ કરો હવે મોઢામાં અન્નનો કોળિયો પણ તમે જ મૂકી દો!! પ્રજા ને કાઈ જ કરવાની શુ કામ જરૂર છે? કેજરીવાલ સાહેબ અહિયા શ્રીકૃષ્ણના કર્મવાદનું ખંડન કરતા નજરે પડે છે.... કેજરીવાલને ખબર નથી આ જગતમાં જ્યારે જ્યારે મનુષ્યમાં નિષ્ક્રિયતા આવે છે ત્યારે કોઈને કોઈ ઈશ્વરી શક્તિ જન્મ લઈને ફરીથી પ્રજામાં નવું જોમ ભરીને કર્મવાદને ઉભો કરે છે... માનવ સમાજમાં કર્મવાદ ઉભો કરવા માટે યુગે યુગે ખુદ ભગવાનને જન્મ લેવો પડયો છે અને તે પણ એટલા માટે કે ભૂતકાળમાં મનુષ્યને બધું મફત આપીને નિષ્ક્રિય બનાવવાનું પાપ કોઈને કોઈ કેજરીવાલ જેવા પુરુષોએ કરેલું છે...

આપ સૌ ગૂગલ કે યુ ટ્યુબ ઉપર સર્ચ કરીને જરૂર માહિતી મેળવી શકો છો કે મફત કે સબસીડી આપીને વીજળી આપવાથી રાજ્ય સરકારો કેટલા દેવામાં કે કર્જમાં ફસાઈ ગઈ છે!! આ બહૂજ ખોટું થઈ રહ્યું છે, મફત નહિ પણ સાચો અને ચોખ્ખો વહીવટ સરકાર દ્વારા થવો જોઈએ પણ ભ્રષ્ટાચાર મુક્ત વહીવટની વાત કેજરીવાલ જેવા નેતાઓએ અભેરાઈ ઉપર ચડાવી દીધી છે... માત્ર જાહેરાતો અને ખુશામત લેવામાં જે તે સરકારો પોતાની એનેર્જી ખર્ચ કરી રહી છે!! મહોલ્લા ક્લિનિક નામે દિલ્હી સરકારની યોજનાની જાહેરાત ખૂબ થઈ પણ હકીકતમાં દિલ્હીની મોટા ભાગની મહોલ્લા ક્લિનિકમાં ગધેડાં કે પશુઓ રાત્રી નિવાસ કરતા જોવા મળે છે!! તો આવી યોજનાઓ પ્રજાને મૂર્ખ બનાવવા માટે છે?? કેજરીવાલ સાહેબને જનતાના આરોગ્યની ચિંતા હોય તો ગુજરાતના ગામડાઓના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેવી જોઈએ!!

"આપ" ની સરકાર હોય કે કોઈના "બાપ" ની સરકાર હોય પણ તે મફતમાં કંઈજ ના આપી શકે!! મફતમાં અને સબસીડીમાં વીજળી આપવાથી તામિલનાડુ, દિલ્હી, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને તેલંગાણા સરકારનો વીજ બોઝ કેટલો છે તે તૈયારીમાં જાણવું જોઈએ!! આ તમામ રાજ્યોની સરકાર ૫૦૦૦ થી ૧૫૦૦૦ કરોડનું દેવું જનતા ઉપર ચડાવી ચુકી છે.... શ્રીલંકાના માર્ગ ઉપર લઈ જનાર જે તે રાજ્યોની સરકાર જનતાની ગુનેગાર છે. દીકરાને બગાડવામાં અને ખોટી આદત પાડવામાં ગણીવાર બાપનું લાડ કે લાલન પોષણ ભાગ ભજવી જતું હોય છે... ભારતમાં મફત આપવાની અને પ્રજાને આળસુ બનાવવામાં કેજરીવાલ એક નવો ચીલો પાડી રહ્યા છે તેનું ગંભીર પરિણામ દેશની જનતાને ભોગવવું પડશે... કેજરીવાલ જોડેથી આ મુદ્દે જનતાએ જરૂર જવાબ માગવો રહ્યો !!

૮૩ ગ્રામ પંચાયતોમાં હડતાલની વ્યાપક અસર

જિલ્લાની ગ્રામ પંચાયતોમાં તલાટીની હડતાલના કારણે કામગીરી ખોરંભે : માત્ર ૨ દિવસમાં અરજદારોને હાલાકી

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૪ રાજ્યના તલાટી કમ મંત્રી તેમના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતાં તા.૨ ઑગથી હડતાલ પર ગયા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૮૩ ગ્રામ પંચાયતોના ૪૭૩ તલાટી કમ મંત્રી હડતાલ પર ઉતરતાં અરજદારોને વ્યાપક હાલાકી ભોગવતા જોવા મળ્યા. હડતાલમાં સત્વરે ઉકેલ નહીં આવે તો પંચાયતી રાજમાં તમામ કામગીરી સંપૂર્ણ લકવાગ્રસ્ત હોવાની દહેશત સેવાય છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર વિધાનસભાની ચૂંટણી નજીક આવે એટલે દરેક સંગઠનો પોતાની પડતર માંગ મુદ્દે સરકાર સમક્ષ રજૂઆત કરતા હોય છે. પરંતુ છેલ્લા કેટલાય સમયથી તલાટી કમ મંત્રી તેમજ પ્રા.શિક્ષકોના અનેક પ્રશ્નો વણઉકલ્યા રહેતા હોય છે અને તેના કારણે આ બંન્ને સંવર્ગના કર્મચારીઓનું આંદોલન શરુ થાય એટલે તેની વ્યાપક અસર જોવા મળતી હોય છે. તલાટી કમ મંત્રી એસોસીએશન દ્વારા વર્ષ-૨૦૦૪-૦૫માં ભરતી કરેલા તલાટી કમ મંત્રીઓને ૫ વર્ષની ફિક્સ પગારની નોકરી સળંગ ગણવા, બઢતી વિસ્તરણ બઢતી, વિસ્તરણ પંચાયત, અધિકારી વર્ગ-૩માં પ્રથમ-૨ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા અને તે અંગેની પરીક્ષા રદ કરવી, રેવન્યુ તલાટી કમ મંત્રીને પંચાયત તલાટી કમ મંત્રી તરીકે મર્જ કરવા અને ૧ જાન્યુઆરી-૨૦૧૬ પછી મળવાપાત્ર પ્રથમ બીજું પગાર ધોરણ પરીક્ષા પાસ કરવાની શરતે પાત્રતા તારીખથી મંજૂર કરવા સહિતની મુખ્ય માંગો સરકારી સમક્ષ કરવામાં આવી હતી પરંતુ ફરી એકવાર માંગ ન સ્વીકારાતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૮૩ ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રીઓએ કામગીરીથી અડધા થઈ જઈ હડતાલનું રણશિંગુ ફૂંકતાં તેની વ્યાપક અસરો બીજા દિવસે પણ જોવા મળી હતી. પંચાયતમાં તલાટી કમ મંત્રીઓની હડતાલ વધુ લાંબી ખેંચાય તો તેની દુરોગામી અસરો પડી શકે છે. અરવલ્લી જિલ્લા તલાટી કમ મંત્રી એસોસીએશનના પ્રમુખ વિરેન્દ્ર પટેલ, મહામંત્રી ગોપાલ પટેલે જણાવ્યું કે બીજા દિવસે પણ હડતાલ સફળ રહી છે અને આ વખતે માંગ નહીં સંતોષાય ત્યાં સુધી મચક આપવામાં આવશે નહીં.